ઈન્ડસઈન્ડ બેન્ક – આપના નાણાકીય સહભાગી.
શ્રેષ્ઠત્વના અનુસરણ, દીર્ઘકાલીન સંબંધ,
નવીન નિરાકરણો તથા વિશિષ્ટ અંતદૃષ્ટિનો
લાભ લઈને અત્યધિક અપેક્ષા ધરાવતા
લાખો ગ્રાહકોને ઈન્ડસ ઈન્ડબેન્કે સફળતાપૂર્વક
સશક્ત બનાવ્યા છે.

**વધુ માહિતી માટે :**

- કૃપયા અમારી બેન્ક શાખામાં પધારો
- 1860 267 7777 પર અમારા 24–કલાક ફોન બેન્કિંગ પર કૉલ કરો
- www.indusind.com – પર લૉગ ઑન કરો
- premium.care@indusind.com – પર અમને ઈમેલ મોકલાવો

નોંધઃ સૂચિત દસ્તાવેજીકરણ પરિવર્તનની શરતે તથા ઈન્ડસઈન્ડ બેન્કના એકમેવ મુનસફી પર આધારિત છે.
નિયમો અને શરતો લાગુ.

Back

IndusInd Bank

# ઈન્ડસઈન્ડ બેન્ક ક્રેડિટ કાર્ડ
# અત્યંત મહત્ત્વપૂર્ણ નિયમો અને શરતો

Cover

## અત્યંત મહત્ત્વપૂર્ણ નિયમો અને શરતો ઇન્ડસઇન્ડ બૅન્ક ક્રેડિટ કાર્ડ

અત્યંત મહત્ત્વપૂર્ણ નિયમો અને શરતો (ધ મોસ્ટ ઇમ્પોર્ટન્ટ ટર્મ્સ ઍન્ડ કન્ડિશન્સ – ''એમઆઇટીસી'') અને અહીં નીચે આપેલી સર્વ જાણકારી બધા ક્રોડિટ કાર્ડ/ કાર્ડદારકો / ક્રોડિટ કાર્ડના આવેદકો /બૅન્કના ગ્રાહકો/ બૅન્કના ક્રેડિટ કાર્ડ પ્રૉડક્ટમાં રસ દર્શાવતા જાહેર જનતાના સભ્યોને, તરત જ અમલમાં આવે રીતે લાગુ પડે છે. ''એમઆઇટીસી'' પરિવર્તનની શરતે છે. ઉક્ત ''એમઆઇટીસી'' બૅન્કના કાર્ડધારક કરારનામાનાં નિયમો અને શરતો ઉપરાંત તથા તેની સાથે વંચાણમાં લેવાની શરતે છે.

## શુલ્ક અને ખર્ચાઓ :

ખર્ચાઓની અનુસૂચિ

| શુલ્ક* | જોડાવાનું શુલ્ક | વાર્ષિક શુલ્ક | ઍડ–ઑન કાર્ડ શુલ્ક |
|---|---|---|---|
| પ્લૅટિનમ ઑરા | ₹500 | શૂન્ય | શૂન્ય |
| પ્લૅટિનમ ઑરા એજ | ₹500 | શૂન્ય | શૂન્ય |
| પ્લૅટિનમ સીલેક્ટ | ₹999 | શૂન્ય | શૂન્ય |
| પ્લૅટિનમ | ₹3000 | શૂન્ય | શૂન્ય |
| આઇકોનિઆ | ₹3500 | શૂન્ય | શૂન્ય |
| ડ્યૂઓ | ₹249 | શૂન્ય | શૂન્ય |
| લેજેન્ડ | ₹9999 | શૂન્ય | શૂન્ય |
| પિનૅકલ | ₹12999 | શૂન્ય | શૂન્ય |
| ઇન્ટરમાઇલ્સ ઇન્ડસઇન્ડ ઑડીસી ક્રેડિટ કાર્ડ | ₹10000 | ₹4000 | શૂન્ય |
| ઇન્ટરમાઇલ્સ ઇન્ડસઇન્ડ વૉયેજ ક્રેડિટ કાર્ડ | ₹2000 | ₹2000 | શૂન્ય |



## અન્ય નાણાકીય ખર્ચાઓ

| વ્યાજ ખર્ચ | માસિક દર | વાર્ષિક દર |
|---|---|---|
| પ્લૅટિનમ ઑરા, પ્લૅટિનમ ઑરા એજ, પ્લૅટિનમ સીલેક્ટ, પ્લૅટિનમ માટે (15 ડિસેમ્બર, 2022 થી અમલી) | 3.95% | 47.40% |
| અન્ય કાર્ડ્સ માટે | 3.83% | 46% |
| વ્યાજ–મુક્ત અવધિ | 50 દિવસો સુધી; જો કુલ દેય રકમ પૂર્ણપણે ચૂકવાયેલી હોય તો, વ્યાજ–મુક્ત અવધિ લાગુ પડશે નહીં | |
| વિલંબિત ચુકવણી ખર્ચાઓ | બાકી શેષ રકમ (30મી સપ્ટેમ્બર, 2020 સુધી)<br>₹100 સુધી – શૂન્ય<br>₹101– ₹500 – ₹100<br>₹501– ₹1000 – ₹350<br>₹1001– ₹10000 – ₹550<br>₹10000 –કરતાં વધુ – ₹700 | બાકી શેષ રકમ (1લી ઑક્ટોબર, 2020થી પ્રભાવી)<br>₹100 શૂન્ય – શૂન્ય<br>₹101– ₹500 વચ્ચે – ₹100<br>₹501– ₹1,000 વચ્ચે – ₹350<br>₹1001– ₹10,000 વચ્ચે – ₹550<br>₹10,001– ₹25,000 વચ્ચે – ₹800<br>₹25,001– ₹50,000 વચ્ચે – ₹1100<br>₹50,000 – કરતાં વધુ – ₹1300 |
| ઑવર લિમિટ ખર્ચાઓ | ન્યૂનતમ ₹500ની શરતે ઑવર લિમિટ રકમ પર 2.5% | |
| ચેક પાછો ફરવો | ₹250 | |
| બહારગામના ચેકનું પ્રોસેસિંગ શુલ્ક | કૃપયા નોંધ લેશો કે, માત્ર ઇન્ડસઇન્ડ બૅન્કનાં સ્થાનોના બહારગામના ચેક જ સ્વીકારી શકાશે. | |
| કૅશ ઍડવાન્સ ખર્ચાઓ | ન્યૂનતમ ₹300ની શરતે ઍડવાન્સ રકમના 2.5% (લેજેન્ડ ક્રેડિટ કાર્ડ માટે માફ કરવામાં આવેલ) | |
| નૉન–ઇન્ડસઇન્ડ બૅન્કના એટીએમ પર બૅલેન્સ ઇન્ક્વાયરી ખર્ચાઓ | ₹25 | |
| એટીએમ પર મશીન સરચાર્જ | લાગુ દરે ગ્રાહક પર વાળેલો | |
| વિદેશી ચલણ માર્ક–અપ | બધા ક્રેડિટ કાર્ડ પર 3.5%*<br>*ઇન્ડસઇન્ડ લેજેન્ડ ક્રેડિટ કાર્ડ – 1.8% (નાણાં મંત્રાલય, ભારત સરકાર દ્વારા અધિસૂચિત વર્તમાન દરે જીએસટી લાગુ) | |

અમેરિકન એક્સપ્રેસ દ્વારા રૂપાંતરિત ફોરેન ચાર્જીસ માટે, રૂપાંતરિત રકમ પર અમેરિકન એક્સપ્રેસ 3.5%નો રૂપાંતરણ ફૅક્ટર લાગુ કરે છે, જેમાંથી 1.5% અમેરિકન એક્સપ્રેસ દ્વારા લઈ લેવામાં આવશે, અથવા એવો અન્ય દર, જે અમારા દ્વારા નિર્ધારિત કરવામાં આવશે અને આપને સૂચિત કરવામાં આવશે. યુએસ ડોલર સિવાય અન્ય વિદેશી ચલણમાં કરવામાં આવેલ ખર્ચ, જ્યારે અમેરિકન એક્સપ્રેસ દ્વારા રૂપાંતરિત કરવામાં આવશે ત્યારે આપના બિલિંગ ચલણમાં રૂપાંતરિત કરતાં પહેલાં, યુએસ ડૉલરમાં રૂપાંતરિત કરવામાં આવશે.

| | |
|---|---|
| રેલવે બુકિંગ સરચાર્જ | લાગુ હોય તદનુસાર |
| બચત પ્લાન પરિવર્તન (ઇન્ડસઇન્ડ બૅન્ક પ્લૅટિનમ ઑરા, પ્લૅટિનમ ઑરા એજ ક્રેડિટ કાર્ડ અને ઇન્ડસઇન્ડ બૅન્ક ગોલ્ડ કાર્ડ) | ₹250 |
| ઇંધન સરચાર્જ (ઓછામાં ઓછા ₹10ને આધીન) | 1% (₹400 – ₹4000 વચ્ચેનાં ટ્રાન્ઝેક્શન્સ માટે માફ) (માનક દરો અનુસાર ફ્યૂલ સરચાર્જ પર જીએસટી લાગુ થશે અને એ ગ્રાહક દ્વારા ધારિત રહેશે) |
| ઇન્ડસઇન્ડ બૅન્ક શાખા ખાતે રોકડ ચુકવણી શુલ્ક | ₹100 |
| જીએસટી | નાણાં મંત્રાલય, ભારત સરકાર દ્વારા અધિસૂચિત વર્તમાન દરે જીએસટી લાગુ |
| ડુપ્લિકેટ ફિઝિકલ સ્ટેટમેન્ટ વિનંતિ | ₹100 પ્રતિ સ્ટેટમેન્ટ (છેલ્લા 3 મહિના પહેલાંનું) |
| રિ–ઇશ્યૂ / રિપ્લેસમેન્ટ | ₹100 |
| ચાર્જ–સ્લિપ વિનંતિ | ₹300 |
| પ્રાયોરિટી પાસ લૉન્જીસ | પ્રતિ મુલાકાત પ્રતિ વ્યક્તિ યુએસ ડૉલર 27 સુધી |
| રિવૉર્ડ્સ રીડમ્પશન ફી 1 નવેમ્બર, 2020 થી લાગુ | ₹100 |

આવેદન વખતે લાગુ ખર્ચાઓ/ શુલ્કો ગ્રાહકને સૂચિત કરવામાં આવશે.

આ શુલ્કો ગ્રાહકને પ્રથમ માસિક બિલમાં ઉધારવામાં આવશે. બૅન્કના એકમેવ નિર્ણયાનુસાર ખર્ચાઓ સમયે સમયે સુધારિત કરવામાં આવશે. આવા ખર્ચાઓ, જો કોઈ હોય તો, પૂર્વ સૂચના સાથે ગ્રાહકને સૂચિત કરવામાં આવશે.



| સ્ટેટમેન્ટ આવર્તન : પ્રત્યેક મહિનાની 25મી | | |
|---|---|---|
| પ્રકાર | ટ્રાન્ઝેક્શન તારીખ | ટ્રાન્ઝેક્શન તારીખ |
| શૉપર્સ સ્ટૉપ | 14 – જાન્યુ – 11 | ₹10,000 |
| શૉપર્સ સ્ટૉપ | 10 – रैलूॅ – 11 | ₹7,000 |

વ્યાજની ગણતરી માટેનું ઉદાહરણઃ જો ચુકવણીની દેય તારીખે રૂ. 10,000ની સંપૂર્ણ ચુકવણી કરી દેવામાં આવે તો, કોઈ જ વ્યાજ ચડાવવામાં નહીં આવે. ઉપરોક્ત ઉદાહરણમાં તારીખ 25–ફેબ્રુ.–11ના સ્ટેટમેન્ટમાં વ્યાજ નિમ્નાનુસાર વસૂલવામાં આવશે.

| પ્રકાર | ટ્રાન્ઝેક્શનની તારીખ | શેષ બાકી રકમ | તારીખ સુધીમાં | દિવસો | વ્યાજ દર | વ્યાજ |
|---|---|---|---|---|---|---|
| શૉપર્સ સ્ટૉપ | 14–જાન્યુ–11 | ₹10000 | 25–જાન્યુ–11 | 11 | 3.83% માસિક / 46% વાર્ષિક | 138.63 (11/365 દિવસો* 46%* ₹10,000) |
| ઑપનિંગ બૅલેન્સ 25–જાન્યુ–11ના રોજ | | ₹10000 | 10–ફેબ્રુ–11 | 16 | 3.83% માસિક / 46% વાર્ષિક | 201.64 (16/365 દિવસો* 46%* ₹10,000) |
| ₹7,000ની ચુકવણી 10–ફેબ્રુ.–11ના રોજ | 10–ફેબ્રુ.–11 | ₹3000 | 25–ફેબ્રુ–11 | 15 | 3.83% માસિક / 46% વાર્ષિક | 56.71.64 (15/365 દિવસો* 46%* ₹10,000) |
| કુલ ચુકવવાપાત્ર વ્યાજ | | | | | | ₹396.98 |

કૃપયા નોંધ લેશો કે, ઉપરોક્ત ઉદાહરણમાં, 3.83% માસિક વ્યાજ દરે વ્યાજ ગણતરી કરવામાં આવી છે.

કાર્ડધારકની ચુકવવાપાત્ર બાકી રહેતી શેષ રકમ પર વ્યાજની ગણતરી દૈનિક ધોરણે કરવામાં આવી છે. દેય તારીખ સુધીમાં જો કુલ દેય રકમ ચુકવી દેવામાં ન આવે તો, વ્યાજ ચડાવવામાં આવશે. જમા થયેલા વ્યાજ પર પણ વ્યાજ લેવામાં આવે છે. વધુમાં, બધાં કૅશ ઍડવાન્સીસ પર, ટ્રાન્ઝેક્શનની તારીખથી ચુકવણીની તારીખ સુધી વ્યાજ ચડાવવામાં આવશે. શરૂઆતમાં માસિક 3.83% વ્યાજ દર (વાર્ષિક 46%) લાગુ થશે. ક્રેડિટ હિસ્ટરી, ખરીદી પદ્ધતિઓ, ચુકવણી વ્યવહાર, ગ્રાહકની ઇમાનદારી અને તેની સાથેના જૂના સફળ સંબંધો જેવા પરિબળોના આધારે બૅન્ક પોતાના એકમેવ નિર્ણયાનુસાર વ્યાજ દરમાં પરિવર્તન કરી શકે છે. વ્યાજ ખર્ચાઓ ગતિશીલ છે અને ઇન્ડસઇન્ડ બૅન્ક દ્વારા સામયિક સમીક્ષાના આધારે પરિવર્તનને પાત્ર છે.

## ક્રેડિટ અને કૅશ વિથડ્રૉઅલ લિમિટ્સ

- ક્રેડિટ લિમિટઃ કાર્ડધારકને સોંપવામાં આવેલી (અસાઇન્ડ) આ અધિકતમ લિમિટ હોય છે. સર્વ ટ્રાન્ઝેક્શન્સ, શુલ્ક, અને ખર્ચાઓ સહિત આપની બાકી (આઉટસ્ટૅન્ડિંગ) કુલ રકમ આ લિમિટથી વધવી ન જોઈએ.
- કૅશ લિમિટઃ કાર્ડધારકને સોંપવામાં આવેલી આ અધિકતમ રોકડ ઍડવાન્સ લિમિટ હોય છે. ક્રેડિટ લિમિટ કરતાં આ લિમિટ ઓછી હોય છે અને એ એકંદર ક્રેડિટ લિમિટનો ઉપગણ (સબસેટ) હોય છે.
- ઉપલબ્ધ ક્રેડિટ લિમિટઃ કોઈપણ સમયે ઉપલબ્ધ ક્રેડિટ લિમિટ અસાઇન્ડ ક્રેડિટ લિમિટ અને જે તે સમયબિંદુ પર કાર્ડ પર રહેલ આઉટસ્ટૅન્ડિંગ રકમનો તફાવત હોય છે.
- ઉપલબ્ધ કૅશ લિમિટ : કોઈપણ સમયે ઉપલબ્ધ કૅશ (રોકડ) લિમિટ અસાઇન્ડ કૅશ લિમિટ અને જે તે સમયબિંદુ પર કાર્ડ પર રહેલ આઉટસ્ટૅન્ડિંગ બાકી રોકડ રકમનો તફાવત હોય છે.
- દરેક કાર્ડધારક માટે ક્રેડિટ અને કૅશ લિમિટ્સ વિભિન્ન હશે અને એ કાર્ડધારકને મોકલાવેલા માસિક સ્ટેટમેન્ટમાં દર્શાવવામાં આવશે.

## બિલિંગ અને સ્ટેટમેન્ટ

- દરેક બિલિંગ અવધિ જે દરમિયાન કોઈ ટ્રાન્ઝેક્શન/ ચુકવણી હોય અથવા કાર્ડ ખાતા પર કોઈ રકમ બાકી દેય હોય એ માટે, બૅન્ક દ્વારા સ્પષ્ટપણે જણાવેલ પ્રેષણ પદ્ધતિ, ઈ-મેલ અને/ અથવા ભૌતિક, માસિક સ્ટેટમેન્ટ કાર્ડધારકને બૅન્ક મોકલશે.
- આ કરારનામા અંતર્ગત સ્ટેટમેન્ટની પ્રાપ્તિ ન થવી એ કાર્ડધારકના કર્તવ્યો અને જવાબદારીઓને પ્રભાવિત નહીં કરે અને દેય ચુકવણી તારીખ પહેલાં, તેઓ/ તેણી ઓછામાં ઓછું ન્યૂનતમ દેય રકમની પતાવટ કરવા માટે જવાબદાર રહેશે.
- ઓછામાં ઓછી પાકતી રકમની ગણતરી કુલ પાકતી રકમના 5% તરીકે અથવા ઈન્ડસઈન્ડ બૅન્ક દ્વારા તેની સંપૂર્ણ મુનસફીએ નિર્ધારિત કરવામાં આવે તેમ કરવામાં આવે છે. કૃપા કરી નોંધ લેશો કે દર મહિને માત્ર ઓછામાં ઓછી ચૂકવણી કરવાથી ત્યારપછી કરાતા દરેક ટ્રાન્ઝેક્શનો પર ટ્રાન્ઝેક્શનની તારીખથી વ્યાજ લાગુ થશે અને પુનઃચૂકવણીમાં પણ લાંબા સમયે તમારી બાકી નીકળતી બૅલેન્સ પર પરિણામ રુપ વ્યાજ લાગુ થશે. દા.ત. 3.83% દર મહિનાના દરે તમને રૂ.10,000 ની પ્રારંભિક ખરીદીની ચૂકવણી કરવા 38 મહિના લાગશે જો અગર તમે દર મહિને માત્ર ઓછામાં ઓછી પાકતી રકમની ચૂકવણી કરો છો (ઓછામાં ઓછી પાકતી રકમ રૂ.500 સાથે)
- કાર્ડધારક સ્વીકારે છે કે, માસિક સ્ટેટમેન્ટની પ્રાપ્તિ ન થવાનું અથવા તેમના માસિક સ્ટેટમેન્ટમાં વિસંગતિ હોય તો એ કિસ્સામાં, આ સ્ટેટમેન્ટ બિલિંગ તારીખથી 15 દિવસો અંતર્ગત, એ અંગે બૅન્કને સૂચિત કરવાની એમની જવાબદારી છે. જો આવા કોઈ પ્રસંગે, કાર્ડધારક બૅન્કને સૂચિત કરતા નથી તો, સ્ટેટમેન્ટ પ્રેષિત થઈ ગયું હોવાનું અને અંતિમ હોવાનું ગણવામાં આવશે.



- જો ચૂકવણીની પાકતી તારીખે અથવા તે પહેલા ઓછામાં ઓછી પાકતી રકમ (પૈસા, જો કોઈ હોય તો તેના સહિતની ચોક્કસ રકમ) ચૂકવવામાં ન આવે તો લેટ પેમેન્ટ ચાર્જિસ લાગુ રહેશે. કોઈ ચૂકવણી ન કરવા પર અથવા ઓછામાં ઓછી પાકતી રકમથી ઓછી ચૂકવણી કરવાના કિસ્સામાં પણ લેટ પેમેન્ટ ચાર્જિસ લાગુ રહેશે.

## ચુકવણી કઈ રીતે કરવી

બધી ચુકવણીઓ માત્ર ભારતીય રૂપિયામાં જ કરવાની રહેશે. બૅન્કને ચુકવણી કરવા માટેની કેવળ નિમ્નાનુસાર પદ્ધતિઓનો ફાયદો જ કાર્ડધારક ધરાવે છે :

1. કોઈપણ બૅન્ક ખાતામાંથી ચુકવણી કરવા માટે www.indusind.com પર ''ક્લિક્ટ પે'' વિકલ્પનો ઉપયોગ કરીને
2. NEFT / RTGS / Visa Money Transfer સુવિધાનો ઉપયોગ કરીને બિન-ઈન્ડસઈન્ડ બૅન્કમાંથી ઑનલાઇન નાણાં હસ્તાંતરણ દ્વારા
3. ઈન્ડસઈન્ડ બૅન્કની શાખા / એટીએમ ખાતે જમા કરવામાં આવેલા ઈન્ડસઈન્ડ બૅન્ક ક્રેડિટ કાર્ડ નં. XXXXXXXXXXXXXXXXની તરફેણમાં ચેક/ ડ્રાફ્ટ દ્વારા. આપના કાર્ડ ખાતામાં સમયસર રકમ જમા થઈ જાય અને દંડનીય ખર્ચાઓ ચડવાનું ટાળી શકાય એ સુનિશ્ચિત કરવા ચુકવણીની દેય તારીખના 4 કાર્યકારી દિવસો પહેલાં ચેક નાખવાની આપને સલાહ આપવામાં આવે છે. ચેકની પાછળ કૃપયા આપનો મોબાઇલ નંબર દર્શાવજો, જેથી અમે આપને આપના ચેકની પ્રાપ્તિ અંગે એસએમએસ મોકલાવી શકીએ.
4. ઈન્ડસઈન્ડ બૅન્ક શાખાઓમાં રોકડ જમા કરાવવી
5. આપના ઈન્ડસઈન્ડ બૅન્ક ખાતામાં ઑટો પૅમેન્ટ સુવિધા અથવા આપના બિન-ઈન્ડસઈન્ડ બૅન્ક ખાતા મારફત NACH સુવિધા સક્રિય કરાવીને. વધુ વિગતો માટે ફોન બૅન્કિંગનો સંપર્ક કરો. કાર્ડની દેય રકમ સામે પ્રાપ્ત થયેલ ચુકવણી સર્વ ઈએમઆઈ, કરવેરાઓ, શુલ્કો, અન્ય ખર્ચાઓ, રોકડ ઍડવાન્સ તથા ખરીદી સામે, એ ક્રમમાં, સમાયોજિત કરવામાં આવશે.

## સંપર્ક ચૅનલ્સ

- કોઈપણ પૂછપરછ અને/ અથવા ફરિયાદના નિવારણ માટે નિમ્નાનુસાર કોઈપણ સંપર્ક ચૅનલ્સ મારફત કાર્ડધારક બૅન્કનો સંપર્ક કરી શકે છે.

1. 24-કલાક ફોન બૅન્કિંગ નંબર : 1860 267 7777.
2. ઈ-મેલ : premium.care@indusind.com

3. બેન્કના ક્રેડિટ કાર્ડ યુનિટને લખીને : ઇન્ડસઇન્ડ બેન્ક લિ. (ક્રેડિટ કાર્ડ્સ ડિવિઝન), પીઓ બૉક્સ 9421, ચકાલા, એમઆઇડીસી, અંધેરી (પૂર્વ), મુંબઈ – 400 093.

4. વણઉકેલાયેલી ફરિયાદો માટૅ, કૃપયા અહીં લખોઃ હેડ કાર્ડ્સ સર્વિસીસ, ઇન્ડસઇન્ડ બેન્ક લિ. (ક્રેડિટ કાર્ડ્સ ડિવિઝન), પીઓ બૉક્સ 9421, ચકાલા, એમઆઇડીસી, અંધેરી (પૂર્વ), મુંબઈ – 400 093 અથવા ઈ–મેલઃ head.cardservices@indusind.com

   જો 7 દિવસો અંતર્ગત હેડ કાર્ડ સર્વિસીસ તરફથી પ્રતિસાદ ન પ્રાપ્ત કરો તો, આપ અહીં લખી શકો છો : ઇન્ડસઇન્ડ બેન્ક લિ. 701, સોલિટૅર પાર્ક, 167, ગુરુ હરગોવિંદજી માર્ગ, અંધેરી–ઘાટકોપર લિન્ક રોડ, ચકાલા, અંધેરી (પૂર્વ), મુંબઈ – 400 093.

   ઈ–મેલઃ nodal.officer@indusind.com

   અમારી સાથેના સર્વ પત્રવ્યવહારમાં આપના ઇન્ડસઇન્ડ બેન્ક ક્રેડિટ કાર્ડ નંબર લખો.

## ચૂક

- ચૂક થવાના કિસ્સામાં, કાર્ડધારકને સમયે સમયે, ઇન્ડસઇન્ડ બેન્ક દ્વારા નિયુક્ત ત્રીજા પક્ષો સહિત ઇન્ડસઇન્ડ બેન્કના પ્રતિનિધિ દ્વારા, ક્રેડિટ કાર્ડ ખાતામાં રહેલી બાકી ચુકવણીપાત્ર રકમ અંગે ટપાલ, ફૅક્સ, ટેલીફોન, ઇલેક્ટ્રોનિક મેલ, એસએમએસ મેસેજિંગ દ્વારા તાકીદ સંદેશા મોકલવામાં આવશે અને/ અથવા તેમના પ્રતિનિધિને યાદ કરાવવા, ફૉલો–અપ કરવા અને દેય રકમ એકત્રિત કરવા નિયુક્ત કરવામાં આવશે.

જો કાર્ડધારક ચૂક કરવાનું ઉદાહરણ દાખવે છે તો, બેન્ક તેના એકમેવ નિર્ણયાનુસાર નિમ્નાનુસાર કાર્યવાહી કરવા બાધ્ય થશેઃ

- કાર્ડધારકને આપવામાં આવેલી સર્વ ક્રેડિટ કાર્ડ સુવિધાઓ પાછી ખેંચવા.
- કાર્ડ પર બાકી રહેતી સર્વ બાકી શેષ રકમ ચૂકવી દેવા કાર્ડધારકને કહેવું.
- બેન્ક પાસે કાર્ડધારકના નામે જાળવવામાં આવેલ કોઈપણ નાણાં /જમા રકમો/ ખાતાંઓ સામે બેન્કનો પુનર્ગ્રહણાધિકાર કાર્યાન્વિત કરવો અને વળતર મેળવવું.
- પુનર્ગ્રહણાધિકાર / વળતર મેળવવાના કોઈપણ અધિકારથી સ્વતંત્રપણે બેન્કને વાજબી લાગે એ રીતે સર્વ બાકી રહેતી રકમો પ્રાપ્ત કરવા કાયદેસર પદ્ધતિથી કાર્યવાહી હાથ ધરવી.
- કાર્ડધારકને પૂર્વસૂચના આપ્યા વિના અને ગુપ્તતા અંતર્ગત, ભારતીય રિઝર્વ બેન્કને અથવા અન્ય કોઈ પ્રાધિકારી, ક્રેડિટ બ્યૂરો, અથવા કોઈપણ સરકારી પ્રાધિકારીને અથવા કોઈ અન્ય નિકાય/ વ્યક્તિને કાર્ડધારકની ઓળખ તથા કાર્ડધારકે કરેલી ચૂકની વિગતોની વાસ્તવિકતા જણાવવી.



બેન્ક તેના દ્વારા જારી કરવામાં આવેલા કોઈપણ ચૂક રિપૉર્ટને પોતાના એકમેવ નિર્ણયાનુસાર પરત ખેંચવા અધિકૃત રહેશે, તે એ સંજોગોમાં કેઃ

- ચૂક કરનારે તેની બેન્કને ચૂકવવાપાત્ર સંપૂર્ણ બાકી રહેતી રકમની ચુકવણી કરી દીધી હોય અથવા બેન્ક સાથે તેની સર્વ દેય રકમની પતાવટ કરી દીધી હોય.
- કાયદેસરની કાર્યવાહીમાં બેન્ક દ્વારા અથવા બેન્ક વિરુદ્ધ, કાર્ડધારકને સૂચિમાંથી બાકાત કરવાની સૂચના આપતો ન્યાયાલયનો ચુકાદો પ્રાપ્ત થયો હોય. વ્યક્તિગત સમીક્ષાઓના આધારે કેસ–ટુ–કેસ આધારે, નિર્ણયો લેવામાં આવે છે.
- કાર્ડધારકનું મરણ અથવા સ્થાયી વિકલાંગતા થવાના કિસ્સામાં, કાયદાઓ અને ઈક્વિટી અંતર્ગત તેની વિવેકબુદ્ધિ અનુસાર, કાર્ડ ખાતા(ઓ)માંથી કાર્ડની બાકી રહેતી રકમની વસૂલી કરવા કોઈપણ લાગુ વીમા કવચમાંથી બાકી રહેતી રકમ પ્રાપ્ત કરવા અથવા કાર્ડધારકના વારસદારો/ એક્ઝીક્યુટરો/ ઍડ્મિનિસ્ટ્રેટર્સ પાસેથી વસૂલી કરવાના સર્વ માર્ગો અખત્યાર કરવાનો, અધિકાર ઇન્ડસઇન્ડ બેન્ક સુરક્ષિત રાખે છે.

## કાર્ડહોલ્ડરશિપની સમાપ્તિ/ રદ્દીકરણ

- કાર્ડધારક લેખિત વિનંતિ દ્વારા અથવા ઇન્ડસઇન્ડ બેન્ક ફોન બેન્કિંગ પર ફોન કરીને ક્રેડિટ કાર્ડ સાથે સંકળાયેલી સુવિધાઓ અને લાભો સમાપ્ત કરવાની વિનંતિ કરીને, કાર્ડધારક કોઈપણ સમયે આ કરારનામું સમાપ્ત કરી શકે છે.
- સમાપ્તિ કેવળ ત્યારે જ પ્રભાવી બનશે જ્યારે, ક્રેડિટ કાર્ડ ખાતાના સંબંધમાં સર્વ બાકી રહેતી રકમની ચુકવણી બેન્ક દ્વારા પ્રાપ્ત થઈ જાય.
- આ સંબંધમાં વિના કોઈ નોટિસ, બેન્ક તેની મુનસફી પર અથવા કોઈપણ સમયે તાત્કાલિક ક્રેડિટ કાર્ડ સુવિધા સમાપ્ત કરી શકે છે અથવા કોઈપણ સમયે તેનો વપરાશ નિયંત્રિત કરી શકે છે. જ્યારે બેન્ક ક્રેડિટ કાર્ડ સુવિધા સમાપ્ત કરે છે ત્યારે, કાર્ડ ખાતા (ખર્ચાઓ અથવા રોકડ ઍડવાન્સીસ હજી સુધી ઉધારવામાં ન આવ્યા હોય) પર બાકી શેષ રકમ દેય બનશે અને તરત જ ચૂકવવાપાત્ર બનશે. આવા સંજોગોમાં,બેન્કના રોકૉર્ડ્સ અનુસાર ક્રેડિટ કાર્ડ /પિનના ઉપયોગ વડે સર્વ વિથડ્રૉઅલ્સ /હસ્તાંતરણોને ડેબિટ કાર્ડ ખાતાઓમાં ઉધારવાનો બેન્ક કાર્ડધારકનો અભિવ્યક્ત અધિકાર બેન્ક ધરાવે છે, જે અંતિમ અને બંધનકર્તા રહેશે.
- જો કાર્ડધારક(કો)નું ક્રેડિટ કાર્ડ 90 કરતાં વધુ દિવસથી ક્યારેય વપરાયું ન હોય તો, તેની પરના સર્વ લાભ પરત ખેંચવામાં આવી શકે છે. આવા કાર્ડધારક(કો)ને આવા વિથડ્રૉઅલ અંગે પૂર્વ–નોટિસ આપવામાં આવશે.

## કાર્ડ ખોવાવું/ ચોરી થવી

- કાર્ડની સુરક્ષિતતા માટે કાર્ડધારક જવાબદાર છે અને તેને સુરક્ષિતતાપૂર્વક રાખવાનાં સર્વ પગલાં લેશે.
- કાર્ડધારકે બૅન્કને 24-કલાક ફોન બૅન્કિંગ નંબર પર કૉલ કરીને ઇન્ડસમોબાઇલ/ ઇન્ડસનેટ / આઈવીઆર મારફત અથવા તેમના પોતાના રજિસ્ટર્ડ મોબાઇલ નંબરથી, 5676757 પર એસએમએસ બ્લૉક < ક્રેડિટ કાર્ડ નંબરના છેલ્લા 4 અંકો > મોકલાવીને તરત જ આવા ખોવાવા અંગેની સૂચના મોકલાવીને કાર્ડ કાર્ડ ખોવાઈ જવા અંગેની સૂચના આપવી જોઈએ. તરત જ બૅન્ક કાર્ડને નિષ્ક્રિય કરવાનો પ્રયાસ કરશે, જેથી તેનો દુરુપયોગ નિવારી શકાય. કાર્ડધારકે સ્થાનિક પોલિસ પાસે ‘‘ફર્સ્ટ ઇન્ફર્મેશન રિપોર્ટ (એફઆઈઆર)’’ નિશ્ચિતપણે ફાઇલ કરાવવાનો રહેશે. કાર્ડધારકે બૅન્કને લેખિત પુષ્ટિ નિશ્ચિતપણે મોકલવાની રહેશે. કાર્ડધારકે નિમ્નાનુસાર દસ્તાવેજો બૅન્કને મોકલવાનાં રહેશે :
  - ઑફિસર દ્વારા એફઆઈઆર રિપૉર્ટની યથાવિધિ સ્વીકૃતિ
  - ખોવાવા/ વિવાદિત ટ્રાન્ઝેક્શન્સની વિગતો દર્શાવતો પત્ર
  - કાર્ડધારક તરફથી ઇન્ડેમ્નિટી (ક્ષતિપૂર્તિ) પત્ર
  - પાસપૉર્ટની નકલો, જો આંતર્રાષ્ટ્રીય ટ્રાન્ઝેક્શન અંગે વિવાદ હોય
  - બૅન્ક દ્વારા આવશ્યક હોય અને બૅન્કની સંતુષ્ટી અનુસારના અન્ય સર્વ દસ્તાવેજો.
  - બેંક તેના પોતાના ખર્ચે, ભૌગોલિક મર્યાદાની અંદર ખોવાયેલા / ચોરાઈ ગયેલા કાર્ડ માટે અને નિયમો અને શરતોને આધીન અને અધિક વિશેષતઃ પોલિસીમાં નિર્ધારિત આ મર્યાદાને ખાસ કરીને ધ્યાનમાં રાખીને વીમા પૉલિસી લેશે.

## અન્ય

- હું / અમે, પ્રમાણિત કરું છું/કરીએ છીએ કે, મારા/ અમારા દ્વારા પ્રસ્તુત બધી માહિતી સાચી છે. હું/ અમે, કાર્ડધારક (કો) ક્રેડિટ ચકાસણી અથવા સંદર્ભ તપાસણી, તેનાં હિતોના રક્ષણ, વગેરેના હેતુ માટે, કાર્ડધારક / આ કરાર અને / અથવા કોઈપણ સાથે સંબંધિત તમામ માહિતી/ દસ્તાવેજો જાહેર કરવા માટે બેંકને સ્પષ્ટપણે અધિકૃત કરીએ છીએ. અન્ય કરાર અથવા ડિફોલ્ટ પર કાર્ડધારક દ્વારા, ભારતીય રિઝર્વ બેંક, આવકવેરા અધિકારીઓ, કાયદા અમલીકરણ સત્તા, ટ્રિબ્યુનલ્સ, અદાલતો, ન્યાયિક સંસ્થાઓ, અન્ય બેંકો, ક્રેડિટ બ્યુરો, નાણાકીય સંસ્થાઓ અથવા કોઈપણ અન્ય તૃતીય પક્ષ, કોઈપણ સમયે સમયબિંદુએ મેં/ અમે કરારની ગોપનીયતા અને ગુપ્તતાનો વિશેષાધિકાર છોડી દીધો છે.



- કાર્ડધારક આ સાથે સંમત થાય છે કે એપ્લિકેશનમાં કાર્ડધારક દ્વારા આપવામાં આવેલી માહિતી અથવા અન્યથા, આગળ ઉપર બેંક દ્વારા કાર્ડ સંબંધિત ઑફર વેચવાના હેતુ માટે, પરંતુ બાકી શેષ રકમના હસ્તાંતરણ, ઈએમઆઈ ઑફર્સ, રોકડ-સંબંધિત ઑફર્સ, વીમા પ્રૉડક્ટ્સ વગેરે સહિત પૂરતું મર્યાદિત ન હોતાં, માર્કેટિંગ હેતુઓ માટે ઉપયોગ કરી શકાય છે. વધુમાં, બેંકના અન્ય પ્રૉડક્ટ્સને સમય સમય પર લાગુ કરવાના જાહેરનામાના ધોરણો અનુસાર વિપણન કરવા માટે બેંક આ માહિતીનો ઉપયોગ કરી શકે છે.
- કાર્ડધારક દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતીનો પણ બેંક દ્વારા ટેલિમાર્કેટિંગ ચેનલો/ કૉલ્સ અથવા ડાયરેક્ટ મેઈલ અથવા સંદેશાવ્યવહારની કોઈપણ અન્ય ચેનલ દ્વારા બેંક દ્વારા યોગ્ય માનવામાં આવતા, તેમના ઉત્પાદનોના માર્કેટિંગ માટે ઉપયોગ કરી શકે છે. એ સુનિશ્ચિત કરવા કે કાર્ડધારક (કો) માટે અસુવિધાજનક નથી, બેંક એક 'ડૂ-નોટ-કૉલ' રજિસ્ટર રાખે છે અને જો કાર્ડધારક (કો) કોઈપણ માર્કેટિંગ ઑફર માટે કૉલ કરવામાં આવે એ ન ઈચ્છતા હોય, તો તેઓ બેંકને તેમના કૉન્ટેક્ટ નંબરને 'ડુ-નોટ-કૉલ' રજિસ્ટરની સૂચિમાં ઉમેરવા માટે જણાવી શકે છે.
- કાર્ડધારક સ્વીકારે છે કે, વ્યવસાયિક વ્યવહાર અને લાગુ જોગવાઈઓ મુજબ, બેંકને કાર્ડધારકની માહિતી કોઈ પણ વર્તમાન અથવા ભાવિ ક્રેડિટ બ્યુરોઝ સાથે સમયે-સમયે બૅન્ક દ્વારા નિર્ધારિત કર્યા મુજબ વહેંચવાનો અધિકાર ધરાવે છે. કાર્ડધારક વધુમાં સ્વીકારે છે કે, કાર્ડધારકને પૂર્વ-સૂચના આપ્યા વિના બેંક આવી માહિતી શેર કરવા માટે હકદાર છે, અને આવી માહિતી કાર્ડધારક દ્વારા સકારાત્મક અથવા નકારાત્મક કામગીરી/ચૂકને લગતી હોઈ શકે છે.
- ક્રેડિટ ઇન્ફોર્મેશન બ્યુરો ઑફ ઈન્ડિયા લિમિટેડ (સીઆઈબીઆઈએલ) એ ભારત સરકાર અને ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ) ની ભારતીય નાણાકીય સિસ્ટમની કાર્યક્ષમતા અને સ્થિરતામાં સુધારો લાવવા માટેની પહેલ છે. આ બેન્કો અને નાણાકીય સંસ્થાઓ વચ્ચે માહિતીના આદાનપ્રદાન માટે અસરકારક પદ્ધતિ પ્રદાન કરવા માટે આરબીઆઈના પ્રયત્નોને અનુરૂપ છે, જેનાથી કાર્ડધારકોને વિવિધ સંસ્થાઓ પાસેથી વધુ સારી ક્રેડિટ શરતોનો લાભ મળી શકે છે.
- આ પહેલમાં સહભાગી થતી તમામ બેંકો અને નાણાકીય સંસ્થાઓએ કાર્ડધારકોનો ડેટા સીઆઈબીઆઈએલ સાથે શેર કરવો જરૂરી છે. ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને, બેંક કાર્ડધારકોને જાણ કરવા માગે છે કે ઈન્ડસઈન્ડ બેંક, તેમની સાથેના કાર્ડધારકોના ખાતા સંબંધિત ડેટાની સીબીઆઈએલને જાણ કરશે. આ ડેટા તેના તમામ કાર્ડધારકો માટે નિયમિત ધોરણે અપડેટ કરવામાં આવશે અને બેંક આ મામલે સતત સમર્થન અને સહયોગ આપવા માટે કાર્ડધારકનો આભાર માને છે.
- કૉ-બ્રાન્ડિંગ કરાર હેઠળ કૉ-બ્રાન્ડ પાર્ટનર સાથે આવક/ફી વહેંચવામાં આવી શકે છે.